* S B - 0 0 1 2 / 9 0 0 0 *

# SB-0012

## First Year B. A. Examination

### March / April – 2011

## Gujarati : Paper - I

('પ્રેમ પચીસી' 'કાવ્ય વિશેષ')

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **F. Y. B. A.**

Name of the Subject :
☛ **Gujarati : Paper - I**

☛ Subject Code No. : **0 0 1 2** ☛ Section No. (1, 2,.....) : **Nil**

Seat No. : | | | | | | |

Student's Signature

(૨) **જમણી** બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧ હૃદયદ્રાવક વિરહરસથી નીતરતી કૃતિ તરીકે 'પ્રેમ પચીસી'નું મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૧ સિદ્ધહસ્ત પદકાર અને આખ્યાનકાર તરીકે વિશ્વનાથ જાનીને 'પ્રેમ પચીસી'ને આધારે મૂલવો. ૧૪

૨ 'પ્રેમ પચીસી' વાત્સલ્યરસની એક સ્મરણીય કૃતિ છે. - ચર્ચો ૧૪

**અથવા**

૨ પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા વ્યક્ત કરતાં કાવ્ય તરીકે 'પ્રેમ પચીસી'નું મૂલ્યાંકન કરો. ૧૪

૩ 'ભૂલી જાવ', 'ભભૂતને' અને 'ચિ. ઉષાબહેનને' કાવ્યોમાં લેખકે જે - તે વ્યક્તિઓની પ્રકૃતિ, સ્વભાવ, વૃત્તિ, પ્રવૃત્તિઓને આલેખી છે અને પોતીકી વ્યથા પણ નિરૂપી છે. - સમજાવો ૧૪

**અથવા**

૩ 'કાવ્ય વિશેષ'ની કવિતામાં પ્રિય મિલનનો આનંદ ક્યાંય નથી તેમજ વિયોગની કારમી વ્યથા પણ નથી. આમ છતાં ક્યારેક ફરિયાદ, સ્મૃતિ, વિનંતી અને ધીમી દર્દ-પીડાનું આલેખન પણ જોવા મળે છે. - સ્પષ્ટ કરો. ૧૪

૪ 'કાવ્ય વિશેષ'ના સૉનેટોમાં જોવા મળતાં આંતરિક સૌંદર્યની સવિસ્તર ચર્ચા કરો. ૧૪

**અથવા**

૪ હૃદયની ઊર્મિને સરળ અને સ્વાભાવિક રીતે વ્યક્ત કરી શુદ્ધ કવિતા આપનારા કવિઓમાં કવિ મનસુખલાલ ઝવેરીનું સ્થાન મહત્ત્વનું છે. - કાવ્ય વિશેષનાં કાવ્યોને આધારે પ્રસ્તુત વિધાનની સમીક્ષા કરો. ૧૪

૫ (અ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ એક વિશે) ૪

(૧) 'પ્રેમ પચીસી'માં કવિએ કરેલા ફેરફારોનું ઔચિત્ય

(૨) 'પ્રેમ પચીસી'માં શબ્દ અને અર્થની લીલા.

(બ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ એક વિશે) ૪

(૧) 'કાવ્ય વિશેષ'ના મુક્તક કાવ્યો

(૨) 'અમાસ' વિશુદ્ધ પ્રકૃતિ કાવ્ય તરીકે.

(ક) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : (કોઈ પણ **એક**) ૩

(૧) પ્રેમે પરશોત્તમ ઘેર આવે, લુખી રોટલી રંગ ભાવે,
શુભ સ્વભાવ છે તાહારા તંનનો, ભાવ આલેખે સહુના મનના

(૨) ભોલી ભરૂઆડી દરશને ભ્રાંત રૂદેની ભાગી.
મોહનજી! માગ્યું આપો તો અહીં વસવું લેવું માગી...

(ડ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : (કોઈ પણ **એક** વિશે) ૩

(૧) નેણ રડે ચોધાર તોય વિજોગે કેમ રે?
આ જો હોય વિજોગ, જોગ વળી કેવો હશે?

(૨) એક આંખે આંસુની ધારા, બીજીએ સ્મિતા ઊડે ફુવારા
તેજ-છાયાને તાણેવાણે, ચીતરાયું ચિતરામણ.

---